કેસ રજુ તા.	૨૦/૦૩/૨૦૧૫		
કેસ દાખલ તા.	૨૦/૦૩/૨૦૧૫		
કેસ ફેંસલ તા.	૦૧/૦૪/૨૦૨૬		
અવધિ :	વર્ષ	માસ	દિવસ
	૧૧	૦૦	૧૧

મહે. એડિશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : પોરબંદર.

રેગ્યુલર દિવાની મુકદ્દમા નં.૫૭/૨૦૧૫

આંક. :-

જે.બી.એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર
શ્રી કિશનભાઈ બી. માત્રાવાડીયા
ઉ.વ.આ. પુખ્ત, ધંધો : વેપાર,
ઠે. ૧૨, શ્રીજીનગર,
નરસંગટેકરી, પોરબંદર. **વાદી.**

વિ રૂ દ્ધ

અગ્ની પ્રોડક્ટસ
પ્રો. બંકીમ ભોગીલાલ સોની
ઉ.વ.આ. પુખ્ત, ધંધો : વેપાર,
દીતી કોમ્પ્લેક્ષ ૬ એફ. એફ.
નવા સ્ટેશન રોડ, ભૂજ (કચ્છ) **પ્રતિવાદી.**

બાબત : રૂા.૩,૦૦,૯૨૬ વસુલ મેળવવા બાબત...

વાદી તરફે :- વિ.વકીલ શ્રી બી. બી. લાખાણી.
પ્રતિવાદી તરફે :- (એકતરફી)

- :: ઠ રા વ ::-

(૧) આ કામમાં વાદી દ્વારા આ કામના પ્રતિવાદી પાસેથી રૂા.૩,૦૦,૯૨૬/– (અંકે રૂપીયા ત્રણ લાખ નવસો છવ્વીસ પુરા) પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલ્કત જપ્ત કરી તેમાંથી વસુલ અપાવવા તેમજ સદરહુ લેણી નિકળતી રકમ પર દાવો દાખલ કર્યા તારીખથી રકમ પુરેપુરી વસુલ થાય ત્યાં સુધી વાર્ષિક ૧૮ % લેખે વ્યાજ સાથે વસુલ અપાવવા તેમજ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અને કાયદા તથા હકીકતે મળતી અન્ય તમામ દાદ અપાવવા અગર હુકમ કરી આપવા માટે થઈને હાલનો દાવો દાખલ કરેલ છે.

(૨) વાદીની હાલની અરજીની હકીકત જોવામાં આવે તો વાદી દ્વારા જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, પોરબંદર સમક્ષ દાખલ કરવામાં આવેલ ફોરમ કેસ નં.૬૧/૨૦૧૩ ના કામે તા.૦૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર વાદીને હકુમત ધરાવતી અદાલતમાં દાવો દાખલ કરવા માટે પરત આપવામાં આવેલ હુકમ અન્વયે વાદીએ તા.૧૭/૦૩/૨૦૧૫ ના રોજ ગ્રાહક સુરક્ષા ફોરમ જુનાગઢ મુકામેથી અસલ દાવા અરજી તથા તે સાથેના ડોક્યુમેન્ટ પરત મેળવી પ્રતિવાદી સાથેનો તકરારી વ્યવહાર પોરબંદર મુકામે થયેલ હોય હાલનો દાવો પોરબંદર મુકામે દાખલ કરેલ છે. જે અનુસંધાને વાદી દ્વારા જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, પોરબંદર સમક્ષ દાખલ કરવામાં આવેલ ફોરમ કેસ નં.૬૧/૨૦૧૩ ની અરજી વંચાણે લેતાં તેમાં રજુઆત કરવામાં આવેલ છે કે,

> ‘આ કામના અમો ઉપર લખ્યા અરજદારની માનસર નમ્ર અરજ કે, અમારી આ અરજીની હકીકત ટુંકમાં નીચે મુજબ રજુ કરવા રજા લઈએ છીએ.
>
> ૧. અમો અરજદાર પેઢી ઉપરમાં જણાવેલ સ્થળે આવેલ છે. અને ઠંઠા પીણા તથા અન્ય ઉત્પાદનનું વેચાણ કરે છે. જયારે સામાવાળા પેઢી ઠંડા પીણાના ઉત્પાદક મોનાર્ક બેવરેજીસની એજન્સી ધરાવે છે અને જુદા જુદા ગામોએ ડીલર્સ મારફત સદરહુ કંપનીના ઠંડા પીણાનું

વેચાણ કરે છે. સામાવાળા પેઢીના અધીકૃત સેલ્સ એકઝીક્યુટીવ મારફતે શહેર પોરબંદર અને આજુબાજુના વિસ્તારમાં તેમની એજન્સીવાળી પેઢીના ઉત્પાદીત ઠંઠા પીણાના વેચાણ માટે ડીલરશીપ આપવા અમો અરજદાર પેઢીનો પોરબંદર ખાતે રૂબરૂ સંપર્ક કરેલ. બન્ને પક્ષ વચ્ચેની સમજુતી થતાં સામાવાળા પેઢીએ પોરબંદર ખાતે અમો અરજદાર પેઢીની ડીલર તરીકે નિમણુંક કરી અમારા સાથે વેપારી–ગ્રાહક તરીકેના સંબધો પ્રસ્થાપીત કરેલ અને તે રીતે અમો અરજદાર સામાવાળા પેઢીના ગાંહક છીએ અને સામાવાળા પેઢી વેપારી છે.

૨. સામાવાળા પેઢી સાથે નક્કી થયા મુજબના નિતી નિયમો અનુસાર અમો અરજદાર પેઢી ડીલરશીપ ધોરણે સામાવાળા પંઢી પાસેથી અમારી જરૂરીયાત મુજબ જુદી જુદી કોન્ટીટી અને પેકીંગ માપના માસીક ધોરણે ઠંડા પીજ્ઞાં મંગાવતા અને તે મુજબનો માલ સામાવાળા પેઢી તરફથી અમોને અમારા ગોડાઉન પહોંચતો પુરો પાડવાની શરતે મોકલવામાં આવતો. સામાવાળા પેઢીને આપવામાં આવતા ઓર્ડર મુજબના માલની અંદાજે થતી કિંમતની રકમ માલનો ઓર્ડર આપણી વખતે જ અનુકુળતા મુજબ ડ્રાફટ અથવા તો રોકડાથી એડવાન્સમાં સામાવાળા પેઢીને ચુકવી આપવામાં આવતી હતી. વધઘટની રકમ જમા ઉધાર રહેતી તેમજ અયોગ્ય અને વેચાણ નહીં થતો માલ કંપનીએ બદલી આપવાનો રહેતો હોચ જેથી તેવા માલની થતી કિંમત તથા ચુકવાયેલ રકમ થતી વધ–ઘટની રકમ ત્યારબાદના ઓર્ડર વખતે હિસાબે મજરે લેતી દેતી કરવામાં આવતી હતી.

૩. ઓગસ્ટ ૨૦૧૩ ના અરસામાં આવતા રમઝાન અને શ્રાવણ માસને નજરમાં રાખી અમો અરજદારે સામાવાળાને તા. ૨૫–૦૭–૨૦૧૩ ના રોજ અથવા તે અરસામાં જુદી જુદી કોન્ટીટીની બોટલો અને પાઉચ પેકીંગમાં ૧૦૦૦ પેટી માલ પુરો પાડવા ઓર્ડર આપી **માલની અંદાજે થતી કિંમત પૈકી રૂા. ૫૦,૦૦૦–૦૦ રોકડા તથા રૂા.**

<u>૧,૦૦,૦૦૦–૦૦ ચેકથી મળી કુલ રૂા. ૧,૫૦,૦૦૦–૦૦ સામાવાળાને એડવાન્સ મોકલી આપવામાં આવેલ.</u> આપવામાં આવેલ ઓર્ડર મુજબનો માલ પુરો પાડવાના બદલે સામાવાળાએ માત્ર ૪૯૦ પેટી માલ કિંમત રૂા. ૮૪,૮૬૪–૦૦ ની ઠંડા પીણાની બોટલો તથા પાઉચ પેકીંગ જયુશ ૨૬૦ પેટી રંધાવા ટ્રાન્સપોર્ટ કંપની સીરસા (હરીયાણા) મારફતે મોકલવામાં આવેલ. જે પૈકી <u>પાઉચ પેકીંગ જયુશને લગતા કોઈ દસ્તાવેજો કે બીલ મોકલવામાં આવેલ ન હોવાથી અમોને મળેલ નથી.</u>

૪. ઉપરોકત હકીકતે સામાવાળા તરફથી મોકલવામાં આવેલ ૪૯૦+૨૬૦ મળી કુલ ૭૫૦ પેટી માલ અમોને મોકલવામાં આવેલ જે પૈકી પાઉચ પેકીંગ જયુશના પાઉચ ઉદરોએ કાપેલ અને નુકશાન પામેલ કાદવ કિચડથી ખરડાયેલ હોવાથી ખુબ જ દુર્ગંધ મારતા હતા જયારે ૪૯૦ પેટીનો બોટલ પેકીંગ માલ એક્ષપાર્યડ ડેઈટનો અને આરોગ્યને હાનીકારક હોય ઉપયોગમાં લઈ શકાય તેવો ન હોવાનું જણાતાં માલની ડીલેવરી વખતે હાજર રહેલ સામાવાળા પેઢીના આસીફભાઈને જાણ કરી સામાવાળાને ફોનથી જણાવેલ. સામાવાળા પેઢી તરફથી મોકલવામાં આવેલ આ માલ નુકશાન પામેલ અને ખરાબ હાલતમાં હોવાથી અને એક્ષપાર્યડ ડેઈટનો હોવાથી વેચાણ માટે મુકી શકાય તેમ ન હોવાની હકીકતથી આસીફભાઈએ માલ બદલી આપવા સામાવાળાને ભલામણ કરવા ખાત્રી આપી માલ ગોડાઉનમાં રાખવા અમોને જણાવેલ જેથી માલ ગોડાઉનમાં મુકાવેલ. પરંતુ ત્યારબાદ વખતો વખતની ચાદી છતાં માલ પરત સંભાળી લઈ બદલી આપવા માટે સામાવાળાએ કોઈ દરકાર કરેલ કરેલ નથી.

૫. ઉપરોકત હકીકતે ગોડાઉનમાં રાખવામાં આવેલ બીનઉપયોગી માલ પૈકી પાઉચ પેકીંગનો માલ નુકશાન પામેલ અને કોહવાયેલ હોવાથી દુર્ગંધ મારતો હોવાથી આસપાસમાં વસવાટ કરતા નાગરિકો અને રાહદારીઓના આરોગ્યને નુકશાનકારક બનતાં સ્થાનીક

અધિકારીઓને ફરીયાદ થવા લાગતાં આ માલનો તાત્કાલીક નિકાલ કરવા અમો અરજદાર ઉપર દબાણ કરવામાં આવતું હોવાની જાણ સામાવાળાને ફોનથી કરી માલ ઉપડાવી લેવા જણાવવા છતાં સામાવાળા તરફથી માલના નિકાલ માટે કોઈ સાનુકુળ કાર્યવાહી કરવામાં આવેલ નથી એટલું જ નહીં લેખીત જાણ કરવા છતાં પોસ્ટ સંભાળેલ નથી.

૬. સામાવાળા પેઢી પાસેથી અમો અરજદાર પેઢીએ ઓર્ડરથી મંગાવેલ અને સામાવાળા પેઢીએ પુરા પાડેલ માલ પૈકી બદલી આપવાના થતા બીનઉપયોગી અને બગડેલ માલની થતી કિંમત તથા ચુકવાયેલ કિંમત પૈકીની બચત રહેલ અમો અરજદારની રકમ, સામાવાળા પેઢી વતી અમો અરજદારે ચુકવેલ મજુરી વગેરેની સામાવાળા પાસે બાકી રહેતી કુલ રકમ રૂા. ૧,૧૫,૦૨૬–૦૦ તથા છેલ્લે મંગાવેલ અને સામાવાળાએ મોકલાવેલ હાલ ગોડાઉનમાં પડી રહેલ બીનઉપયોગી માલની એડવાન્સ ચુકવેલ રકમ રૂા. ૧,૫૦,૦૦૦–૦૦ મળી થતી કુલ રકમ રૂા. ૨,૯૫,૯૨૬–૦૦ અને માલનું વેચાણ નહીં થતાં અમો અરજદારને વેપારમાં થયેલ નુકશાન બદલની રકમ રૂા. ૩૫,૦૦૦–૦૦ મળી કુલ રકમ રૂા. ૩,૦૦,૯૨૬–૦૦ અમોને વસુલ આપવા અને અમારા ગોડાઉનમાં રહેલ નુકશાન પમેલ અને બીનઉપયોગી માલ તાત્કાલીક ખસેડી લેવા સામાવાળાને તા. ૦૪–૧૦–૨૦૧૩ ની નોટીસ કરવા છતાં સામાવાળાએ નોટીસ ઈરાદાપુર્વક સ્વીકારેલ ન હોય પરત આવેલ છે. જેથી હાલની ફરીયાદ કરવા અમોને ફરજ પડેલ છે.

૭. અમો અરજદારને સામાવાળાએ પુરો પાડેલ માલ નુકશાન પામેલ ખામીયુકત અને આરોગ્યને હાનીકારક હોવાથી જાહેર વેચાણ થઈ શકે તેમ ન હોવાથી સદરહુ માલ બદલી આપવા અગર તો માલની થતી કિંમત સામાવાળા વ્યાપારી શીરસ્તા મુજબ અમોને રીફન્ડ આપવા

જવાબદાર હોવા છતાં તે માટે કોઈ દરકાર નહીં કરવાનું સામાવાળા કંપનીનું કૃત્ય ગેરકાયદેસર, ગેરબંધારણીય અને અયોગ્ય રહેલ છે.

૮. આ કામમાં **અમારા સાહેદો નીચે મુજબ છે.**

૧. અમો અરજદાર પોતે

૨. સામાવાળા પેઢીના આસીફભાઈ

૩. સામાવાળા પેઢીના શ્રી ત્રીવેદી સાહેબ

૪. સામાવાળા પેઢીના શ્રી ચિરાગભાઈ

૯. આ સાથેના દસ્તાવેજી લીસ્ટ મુજબના દસ્તાવેજો રજુ છે.

૮. ઉપરોકત હકીકતે આ અરજી કરી અરજ કરવાની કે –

સામાવાળા પાસેથી અમો અરજદારે ખરીદ કરેલ ઠંઠા પીણાની કવોલીટી યોગ્ય અને બરાબર ન હોય આરોગ્યને હાનીકારક હોવાથી વેચાણ કરી શકાય તેમ ન હોય તે બદલી નહીં આપતાં **એડવાન્સ ચુકવેલ રકમ રૂા. ૧,૫૦,૦૦૦–૦૦ તેમજ સામાવાળા પાસે હિસાબે અગાઉની બાકી રહેતી રકમ રૂા. ૧,૧૫,૦૨૬–૦૦ તથા ધંધામાં થયેલ નુકશાનીના વળતર બદલની રકમ રૂા. ૩૫,૦૦૦–૦૦ મળી કુલ રકમ રૂા. ૩,૦૦,૯૨૬–૦૦ અંકે રૂપીયા ત્રણ લાખ નવસો છવીસ પુરા અમોએ માલ ખરીદ કર્યાની તા. ૦૧–૦૮–૨૦૧૩ થી વસુલ આપતાં સુધી નુકશાની બદલ ૧૮ % ના વ્યાજ તથા આ અરજીના યોગ્ય ખર્ચ સાથે પરત વસુલ અપાવવા અરજ છે.**

૯. આ અરજીનું કારણ સૌ પ્રથમ સામાવાળા પેઢી પાસેથી ઠંડાપીણાનો માલ અમો અરજદાર તા. ૩૦–૦૬–૨૦૧૩ ના રોજ ખરીદ કરતાં તે તારીખના રોજ તથા ત્યારબાદ વખતો વખત ખરીદ કરેલ માલની તારીખો અને છેલ્લે તા. ૨૫–૦૭–૧૩ ના આપેલ ઓર્ડર પૈકીનો સામાવાળાએ રેધાવા ટ્રાન્સપોર્ટ કંપની, સીરસા (હરિયાણા) મારફત તા. ૨૪–૦૮–૧૩ ના રોજ મોકલાવેલ માલ નુકશાન પામેલ

અને બીનઉપયોગી માલ બદલી આપવા અગર સદરહુ માલની કિંમત રીફંડ ચુકવવા કોઈ દરકાર નહીં કરતાં આપવામાં આવેલ નોટીસની તા. ૦૪–૧૦–૨૦૧૩ ના રોજ અથવા તે અરસામાં ઉત્પન્ન થયેલ છે. આ અરજીને મુદતનો દોષ નથી.

૧૦. અમો અરજદાર આપ નામ. ફોરમની હકુમતના શહેર પોરબંદરમાં વ્યવસાય કરીએ છીએ અને સામાવાળાએ સવાલવાળો માલ પોરબંદર ખાતે પુરો પાડેલ હોય આ અરજી સાંભળવા આપ નામ.ને સંપુર્ણ સત્તા અને અધિકાર છે.'

(૩) આ કામે પ્રતિવાદીને વાદી દ્વારા જાહેર પ્રસિદ્ધી મારફતે ઇશ્યુ કરવામાં આવેલ સમન્સની બજવણી થઇ ગયેલ હોવા છતાં તેમજ વાદી તરફે તે લગતનું સર્વીસ એફીડેવીટ તેમજ તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજનું દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાનપત્રની ભૂજ ખાતે પ્રસિદ્ધ થયેલ વતર્માનપત્રની અસલ પ્રત રજુ કરવામાં આવેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે વકિલ મારફતે કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય આંક.૪૬ ની વાદીની અરજી લગત કરવામાં આવેલ હુકમ અન્વયે પ્રતિવાદીનો જવાબ રજુ કરવાનો હક્ક બંધ કરી પ્રતિવાદી વિરૂદ્ધ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ત્યાર બાદ આ કામમાં વાદી દ્વારા તેમના દાવાના સમર્થનમાં આંક.૧૧ થી પોતાનું સર તપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેમણે પોતાની દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જ્યારે આ કામે પ્રતિવાદી વિરૂદ્ધ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવામાં આવેલી હોય વાદીની ઉલટ તપાસ થયેલ નથી.

(૫) આ કામે વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

અ.નં.	દસ્તાવેજની વિગત	આંક
૧	જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કેસ નં.૬૧/૧૩ નો હુકમ	૧૭
૨	વાદીએ માલ મોકલેલ તે પ્રતિવાદીને મળ્યા અંગેનો જાણ પત્ર	૧૮
૩	ઉપરોક્ત પત્ર પ્રતિવાદીને કુરીયરથી મોકલેલ તે રીફ્યુઝ થતાં પરત આવેલ કવર નં.૨૪૭૯	૧૯
૪	વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસ	૨૦
૫	વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસનું પરત આવેલ કવર	૨૧
૬	ઉપરોક્ત નોટીસ રજીસ્ટર એ.ડી. કર્યાની પહોંચ	૨૨
૭	પ્રતિવાદીએ આપેલ રીટેઇલ ઇનવોઇસ	૨૩
૮	પ્રતિવાદીએ આપેલ નોટીસ	૨૪

(૬) ત્યાર બાદ વાદી તરફે આંક.૪૭ ની પુરશીશ રજુ કરી તેમનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે. ત્યાર બાદ આ કામે દાવાની કાર્યવાહી પ્રતિવાદી વિરૂદ્ધ એકતરફી ચાલેલ હોય વાદીની દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં પણ વાદીએ પોતાની દાવા અરજી તથા વાદીની સર તપાસના સોગંદનામામાં જણાવેલ હકીકતોનું પુનરાવર્ત કરેલ છે.

(૭) આ કામે દાવાના ન્યાયીક નિરાકણ માટે તા.૨૮/૧૧/૨૦૧૬ ના રોજ આંક.૧૦ થી નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવેલા છે.

-:: મુદ્દા ::-

(1) Whether plaintiff proves that there is relation as businessman and customer between the plaintiff and defendant ?

(2) Whether plaintiff proves that he has ordered to provide cold drinks bottles & pouches and advances Rs.1,50,000/- tp defemdant ?

(3) Whether plaintiff proves that the demanded goods dispatched by defendant were of inferior quality, having expiry date and injurious to health ?

(4) Whether the applicant is entitled to get relief as prayed for ?

(5) What order and decree ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) હકારમાં
(૨) નકારમા
(૩) નકારમાં
(૪) નકારમાં
(૫) આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

મુદ્દા નં.૧ થી ૪ :-

(૯) આ કામે પ્રતિવાદી વિરૂદ્ધ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવામાં આવેલ હોય તથા વાદી તરફે એકમાત્ર પોતાની સોગંદ પરની જુબાની લેખિત સર તપાસ તરીકે રજુ કરી આંક.૧૭ થી ૨૪ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોવાની હકીકતને ધ્યાને લેતાં મુદ્દા નં.૧ થી ૪ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય તથા એકબીજા પર આધારીત હોય પુરાવાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા માટે મુદ્દા નં.૧ થી ૪ ના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

આ કામે વાદી દ્વારા પોતાની દાવા અરજી તથા સોગંદ પરની સરતપાસમાં આ કામના પ્રતિવાદીને ઓગષ્ટ ૨૦૧૩ ના અરસામાં આવતા રમઝાન તથા શ્રાવણ માસ અનુસંધાને તા.૨૫/૦૭/૨૦૧૩ ના રોજ અથવા તે અરસામાં જુદી જુદી ક્વોન્ટીટીની બોટલો અને પાઉચ પેકીંગમાં ૧૦૦૦ પેટી માલ પુરો પાડવા માટેનો ઓર્ડર આપી તેની કિંમત પેટે રૂા.૫૦,૦૦૦/– રોકડા તથા રૂા.૧,૦૦,૦૦૦/– ચેકથી મોકલી આપેલ હોવાનું તથા તે પૈકી પ્રતિવાદીએ માત્ર ૪૯૦ તથા ૨૬૦ મળી કુલ ૭૫૦ પેટી માલ કિંમત રૂા.૮૪,૮૬૪.૦૦ નો વાદીને રંઘાવા ટ્રાન્સપોર્ટ કંપની, સીરસા (હરીયાણા) માફરતે મોકલી આપેલ હોવાનું જણાવેલ છે તથા પ્રતિવાદીએ મોકલાવેલ ઉપરોક્ત માલ પૈકી ૪૯૦ પેટીનો બોટલ પેકીંગ માલ એક્સપાયર ડેઈટ વાળો તથા આરોગ્યને હાનીકારક હોય ઉપયોગમાં લઈ ન શકાય તે મુજબનો હોવાનો તેમજ ત્યાર બાદ સામાવાળા પાસેથી બાકી રહેતી રકમ રૂા.૧,૧૫,૦૨૬/– તથા ઉપરોક્ત બિન ઉપયોગી માલના એડવાન્સ પેટે ચુકવેલ રૂા.૧,૫૦,૦૦૦/– તથા વાદીને વેપારમાં થયેલ નુકશાન બદલની રકમ રૂા.૩૫,૦૦૦/– મળી કુલ રૂા.૩,૦૦,૯૨૬.૦૦ વસુલ મેળવવા માટે હાલનો દાવો રજુ કરેલ હોવાનું જણાય છે તેમજ પ્રતિવાદીએ આ કામના વાદી દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૩ ના રોજ નોટીસ મોકલાવેલ હોવા છતાં બાકી નિકળતી રકમ ચુકવેલ ન હોવાની રજુઆત વાદી તરફે કરવામાં આવેલ છે. વાદીના ઉપરોક્ત કથન અનુસંધાને આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આંક.૨૪ થી રજુ થયેલ પ્રતિવાદીએ વાદીને તા.૧૮/૧૦/૨૦૧૩ ના રોજ મોકલેલ ખાનગી નોટીસ વંચાણે લેતા આ કામના વાદી તથા પ્રતિવાદી વચ્ચે ગ્રાહક તથા વેપારી તરીકેના સબંધો હોવાની હકીકત પુરવાર થતી હોવાનું જણાય છે જે અનુસંધાને મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. પરંતુ વાદીએ પ્રતિવાદને દાવાના કામે જણાવ્યા મુજબનો માલનો ઓર્ડર આપી તે પેટે રૂા.૧,૫૦,૦૦૦/– ચુકવેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે વાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે રજુ કરવામાં આવેલ આંક.૨૪ ની નોટીસ

વંચાણે લેતાં તેમાં પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદીએ વીસીકુલર રેફ્રીજરેટર નંગ–૧૦ જે ૨૭૦ લીટરની કેપેસીટીના પ્રતિવાદીએ વાદીને મોકલેલ તેની ટેક્સ સહીતની દરેક ફ્રીઝની કિંમત રૂા.૨૪,૦૦૦/– નક્કી કરવામાં આવેલ તેની કુલ રકમ રૂા.૨,૪૦,૦૦૦/– પૈકી રૂા.૧,૫૦,૦૦૦/– આઇ.ડી.બી.આઇ. બેન્કના ચેક મારફતે પ્રતિવાદીને મોકલી આપેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે વાદી દ્વારા પોતાની દાવા અરજીમાં તેમણે પ્રતિવાદીને રૂા.૫૦,૦૦૦/– રોકડા તથા રૂા.૧,૦૦,૦૦૦/– ચેકથી ચુકવેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ તે સબંધે કોઇ દસ્તાવેજી પુરાવો જેમ કે બેન્ક સ્ટેટમેન્ટ કે ચુકવણીની વિગત દર્શાવતી પાસબુકન નકલ દાવાના કામે રજુ કરેલ નથી તેમજ બેન્કના કોઇ કર્મચારી કે અધિકારીને સાહેદ તરીકે પણ તપાસેલ નથી. એટલું જ નહી પરંતુ વાદીએ દાવાના કામે ઉપરોક્ત રૂા.૧,૫૦,૦૦૦/– તેમજ અન્ય બાકી રહેત રકમ રૂા.૧,૧૫,૦૨૬/– તથા રૂા.૩૫,૦૦૦/– નુકશાનીના મળી કુલ રૂા.૩,૦૦,૯૨૬/– મેળવવા માટે હાલનો દાવો કરેલ છે પરંતુ વાદીએ રૂા.૧,૧૫,૦૨૬/– બાબતના કોઇ હિસાબો કે પુરાવા તેમજ રૂા.૩૫,૦૦૦/– ના નુકશાન બાબતના કોઇ હિસાબો કે પુરાવા દાવાના કામે રજુ કરેલ નથી. આ કામે જ્યારે વાદી પ્રતિવાદ પાસેથી નાણાં પરત મેળવવા માટે તથા નુકશાનનું વળતર મેળવવા માટે દાવો લાવેલ હોય ત્યારે વાદીએ તે નાણાં પ્રતિવાદીને ચુકવેલ હતા કે કેમ તથા ખરેખર વાદીને દાવાના કામે જણાવ્યા મુજબનું નુકશાન થયેલ છે કે કેમ તે બાબત પુરવાર કરવાનો બોજો વાદી પર રહેલ છે. પરંતુ વાદી દ્વારા હાલના દાવાના કામે પ્રતિવાદીને દાવાના કામે જણાવ્યા મુજબના નાણાં ચુકવેલ હોવા બાબતનો એક પણ પુરાવો રજુ કરેલ નથી તેમજ પ્રતિવાદીએ વાદીને દાવાના કામે જણાવેલ માલ મોકલેલ હોવાનું દર્શાવતા કોઇ બીલ પણ રજુ કરેલ નથી. જે સંજોગોમાં મુદ્દા નં.૨ તથા ૩ ની હકીકતો પુરવાર કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૨ તથા ૩ નો જવાબ તે મુજબ નકારમાં આપવામાં આવે છે અને જ્યારે વાદીએ મુદ્દા નં.૨ તથા ૩ ની હકીકતો પુરવાર કરેલ ન હોય ત્યારે વાદી દાવાના કામે

માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર હોવાનું કહી શકાય તેમ ન હોવાથી મુદ્દા નં.૪ નો જવાબ તે મુજબ નકારમાં આપી મુદ્દા નં.૫ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

(૧) વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) વાદીએ પોતાને થયેલ દાવાનો ખર્ચ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ તા.૦૧ લી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૦૧/૦૪/૨૦૨૬
પોરબંદર

કુનાલ રાજેશભાઇ રાઠોડ
એડીશ્નલ સીનીયર સીવીલ જજ
પોરબંદર
(કોડ :જી.જે.૦૧૧૨૯)